# નિર્મલા સીતારમણનું બજેટ 2023

ભારતના નાણાપ્રધાન નિર્મલા સીતારમણ વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ભારતના કેન્દ્રીય રક્ષામંત્રી અને ત્યારબાદ નાણાં મંત્રી બન્યા. નાણામંત્રી નિર્મલા સીતારમણ બુધવાર, 1 ફેબ્રુઆરી 2023ના રોજ પાંચમી વખત બજેટ રજૂ કરશે. નાણામંત્રી નિર્મલા સીતારમણના નામે પણ ઘણા રસપ્રદ રેકોર્ડ નોંધાયેલા છે.





# ભારતના પ્રથમ મહિલા નાણાંમંત્રી

નિર્મલા સીતારમન ભારતના પ્રથમ પૂર્ણ સમયના કેન્દ્રીય નાણા મંત્રી છે. તેઓ 1 ફેબ્રુઆરીએ કેન્દ્રીય નાણામંત્રી તરીકે તેમનું પાંચમું બજેટ રજૂ કરશે. અહીં નાણામંત્રી તરીકે સીતારમન સાથે સંબંધિત કેટલાક રસપ્રદ તથ્યો અને રેકોર્ડ્સ પર એક નજર કરીયે

# નિર્મલા સીતારમણે કરી એક નવી પહેલ

ભારતમાં બીજી વખત ભાજપના વડપણની સરકાર બન્યા બાદ જુલાઈ 2019માં પોતાના પ્રથમ બજેટ ભાષણમાં નિર્મલા સીતારમને લેધરની બ્રીફકેસમાંથી બજેટ દસ્તાવેજો લઇ જવાની વર્ષો જૂની પરંપરાનો અંત લાવ્યો હતો. તેઓ બજેટના દસ્તાવેજો લાલ રેશમી કપડામાં લપેટી સંસદમાં લાવ્યા હતા અને તેના પર રાષ્ટ્રીય ચિહ્ન અંકિત હતું. તેમણેબ્રિટિશ પરંપરામાંથી મુક્તિ મેળવવાનું એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે. બ્રીફકેસના બદલે ખાતાવહી પસંદ કરવાના તેમના નિર્ણય અંગે નિવેદન આપતા સીતારમણે કહ્યું હતું કે, “મને લાગે છે કે હવે સમય આવી ગયો છે કે આપણે બ્રિટિશ હેંગઓવરથી આગળ નીકળીયે



# સૌથી લાંબુ બજેટ ભાષણ સિંહનો રેકોર્ડ તોડ્યો...

સૌથી લાંબુ બજેટ ભાષણ આપવાનો રેકોર્ડ પણ નિર્મલા સીતારમણના નામે છે. 1 ફેબ્રુઆરી, 2020 ના રોજ, તેમણે કેન્દ્રીય બજેટ 2020-21 રજૂ કરતી વખતે 162 મિનિટ સુધી ભાષણ આપ્યું હતું. તેમણે ગત બજેટમાં 137 મિનિટ સુધી બજેટ ભાષણ આપ્યુ હતું. અલબત્ત, તેઓ તે વખતે બજેટ ભાષણના છેલ્લા બે પાના વાંચી શક્યા ન હતી કારણ કે તેમની તબિયત સારી ન હતી. તેમ છતાં 1 ફેબ્રુઆરી, 2020નું બજેટ ભાષણ અત્યાર સુધીનું સૌથી લાંબુ છે.

નિર્મલા સીતારમનની પહેલા, સૌથી લાંબુ બજેટ ભાષણ આપવાનો રેકોર્ડ જસવંત સિંહના નામે હતો, જેમણે વર્ષ 2003-04નું કેન્દ્રીય બજેટ રજૂ કરતી વખતે 135 મિનિટ ભાષણ આપ્યું હતું. જો કે, શબ્દોની સંખ્યાના સંદર્ભમાં સૌથી લાંબા બજેટ ભાષણનો રેકોર્ડ મનમોહન સિંહના નામે છે, જેમણે 1991માં બજેટ રજૂ કરતી વખતે 18,650 શબ્દોનો ઉપયોગ કર્યો હતો. સીતારમનનું વર્ષ 2020નું બજેટ ભાષણ સમયની રીતે સૌથી લાંબો રેકોર્ડ ધરાવે છે, પરંતુ તેમા શબ્દોની સંખ્યા 13,275 હતી



# પેપરલેસ બજેટ

નિર્મલા સીતારમને કોવિડ રોગચાળા દરમિયાન વર્ષ 2021માં ભારતનું સૌથી પહેલું પેપરલેસ બજેટ રજૂ કરીને વધુ એક રેકોર્ડ બનાવ્યો. તેમણે ડિજિટલ ફોર્મેટમાં કેન્દ્રીય બજેટ 2021-22 રજૂ કર્યું. નાણામંત્રીએ ડિજિટલ ટેબલેટ મારફતે સંસદમાં તેમનું બજેટ ભાષણ વાંચ્યું હતુ. બજેટ ભાષણ પૂરું થયા બાદ બજેટના દસ્તાવેજો મોબાઈલ એપ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. વર્ષ 2022માં પણ સીતારમને પેપરલેસ બજેટની પરંપરા ચાલુ રાખી. વર્ષ 2021માં પહેલુ પેપરલેસ બજેટ રજૂ કર્યા બાદ હવે તે એક ટ્રેન્ડ બની ગયો છે. અગાઉનાબે યુનિયન બજેટની જેમ આ વખતે પણ નાણાંકીય વર્ષ 2023-24નું બજેટ પણ પેપરલેસ હશે

# 4 બજેટ રજૂ કર્યા

નિર્મલા સીતારમને અત્યાર સુધીમાં દેશના ચાર કેન્દ્રીય બજેટ રજૂ કર્યા છે અને આજે પાંચમું બજેટ રજૂ કરશે. આ સિદ્ધિ મેળવનાર ભારતની એકમાત્ર મહિલા છે. વર્ષ 2019માં તેઓ સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં કેન્દ્રીય બજેટ રજૂ કરનાર બીજા મહિલા બન્યા હતા. ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સ્વતંત્ર ભારતમાં કેન્દ્રીય બજેટ રજૂ કરનાર પ્રથમ મહિલા હતા. વર્ષ 1970માં ઇન્દિરા ગાંધીએ નાણાકીય વર્ષ 1970-71 માટે કેન્દ્રીય બજેટ રજૂ કર્યું હતુ.

